# ક્લિનિકલ ટ્રાઈલ

કદાચ તમે ક્લિનિકલ ટ્રાઈલ શબ્દ સાંભળ્યો હશે અને આશ્ચર્ય થતું હશે કે આ શું છે. ક્લિનિકલ ટ્રાઈલ કેન્સરની સર્વાધિક આધુનિક સારવાર મેળવવાની એક રીત છે.

નીચે ક્લિનિકલ ટ્રાઈલ અંગેની સૂચના આપેલી છે. ક્લિનિકલ ટ્રાઈલ અંગે શીખવા તમે ડોક્ટર કે નર્સ કે તમારા પરિવાર તથા મિત્રો સાથે વાતચીત કરીને નક્કી કરો કે ક્લિનિકલ ટ્રાઈલ તમારે માટે ઠીક રહેશે કે નહીં. ક્લિનિકલ ટ્રાઈલમાં ભાગ લેવો કે નહીં એ હંમેશા તમારા પર નિર્ભર છે.





સી.બી.સી. સી. - યૂ.એસ.એ. તરફથી મળેલ પાયારૂપ
અનુદાનમાંથી આ સામગ્રીની આંશિક રચના શક્ય બની છે.

## ક્લિનિકલ ટ્રાઈલ શુ છે?

ક્લિનિકલ ટ્રાઈલ દર્દીઓ સાથે કરાતા સંશોધન અભ્યાસો છે. આ અભ્યાસો ચકાસે છે કે નવી સારવાર સુરક્ષિત છે કે નહીં અને તે કેટલી સારી રીતે કામ કરી શકે છે. ક્લિનિકલ ટ્રાઈલ કદાચ રોગને શોધવા કે તેનાથી બચવાની નવી રીતો પણ ચકાસે છે. આ અભ્યાસો એ કેન્સરથી બચાવ, નિદાન અને સારવારની ઘણી રીતોને પણ શોધી છે.

India Cancer Initiative

Distributed by

PALLIUM INDIA
CARE BEYOND CURE

American Cancer Society®

## ક્લિનિકલ ટ્રાઈલનો હેતુ

નવી સારવાર કે પ્રક્રિયાઓને ઊંડાણથી જોવા માટે કરવામાં આવે છે. એક ક્લિનિકલ ટ્રાઈલ ત્યારે કરવામાં આવે છે જ્યારે એ વિશ્વાસ હોય કે અધ્યયન કરાતી સારવાર, તપાસ કે પ્રક્રિયા હાલમાં ઉપયોગમાં લેવાતી ટેકનિકથી વધુ સારી હશે. ક્લિનિકલ ટ્રાઈલમાં ઉપયોગમાં લેવામાં આવતી ઉપચાર વિધિઓ સામાન્ય રૂપે મદદ કરે છે. જો એવું થાય છે તો આ સ્ટેન્ડર્ડ ઉપચાર બની જાય છે.

## ક્લિનિકલ ટ્રાઈલ તપાસ કરી શકે છે:

- નવી દવાઓ જે હજી સુધી નિયામક વહીવટતંત્ર દ્વારા મંજૂર ન કરી હોય.
- અગાઉ મંજૂર થઈ ચૂકી હોય તેવી દવાઓના ઉપયોગો
- સારવારો જેમ કે રેડિએશન થેરાપી
- શસ્ત્રક્રિયા
- જડીબુટ્ટિઓ અને વિટામીન
- સારવારનું સંયોજન કરવાની નવી રીતો

સંશોધકો નવી સારવારનો અભ્યાસ આ પ્રકારના પ્રશ્નોના જવાબો શોધવા કરે છે:

- શું આ સારવાર મદદરૂપ છે?
- આ સારવારની સૌથી સારી રીત કઈ છે?
- શું હાલમાં વપરાઈ રહેલી અન્ય સારવારો કરતાં વધુ સારી રીતે કામ કરે છે?
- આ સારવારને કારણે કઈ આડઅસરો થાય છે?
- કયા દર્દીઓને આ સારવારથી સર્વાધિક મદદ મળવાની સંભાવના છે?

## એક ક્લિનિકલ ટ્રાઈલમાં શામેલ થવું કેવું રહેશે?

જો તમે ક્લિનિકલ ટ્રાઈલમાં છો તો તમે જોશો કે નિષ્ણાંતોની એક ટૂકડી તમારી સારવાર કરી રહી છે અને તમારી સ્થિતિમાં થવાવાળા ફેરફારો અને વિકાસને કાળજીપૂર્વક જુએ છે. એક પ્રમાણિક સારવાસની તુલનામાં વધુ ડોક્ટર તમને જોવા આવે છે અને તમારા લેબોરેટરી તપાસ પણ વધુ થઈ રહી છે, પરંતુ આમાં અમુક જોખમો પણ છે.

એ કોઈપણ નથી જાણતું કે સમય વીતતાં આ સારવાર કામ કરશે કે કેમ અથવા આની શી આડઅસરો થશે. આ એ છે જે અભ્યાસે શોધવાનું છે. જ્યારે મોટાભાગની આડઅસરો સમયસર ઓછી થતી જાય છે, કેટલીક કદાચ લાંબા સમય સુધી રહી શકે છે કે પછી જીવના જોખમવાળી પણ બની શકે છે. પણ સ્ટેન્ડર્ડ સારવારની પણ આડઅસરો હોય છે.

## ક્લિનિકલ ટ્રાઈલમાં શામેલ થવાનો નિર્ણય લેવો

શું તમારૂં ચિકિત્સાલય કે હોસ્પિટલ ક્લિનિકલ ટ્રાઈલ કરે છે. તમારે ચોક્કસ આવશ્યકતાઓને પૂરી કરવી પડશે, જે એક વિશેષ પ્રકારના કેન્સરનું થવું અથવા તમારૂં ગર્ભવતી ન થવું, પરંતુ એ તમારા પર નિર્ભર કરે છે કે શું તમે એક ક્લિનિકલ ટ્રાઈલમાં ભાગ માગો છો.

જો તમે એક ક્લિનિકલ ટ્રાઈલમાં ભાગ લેવાથી તમે બીજી મેડિકલ સેવાઓથી વંચિત નથી રહેતા. તમે ગમે તે સમયે વગર કારણે ક્લિનિકલ ટ્રાઈલની વધુ જાણકારી માટે પોતાના ડોક્ટર કે નર્સ સાથે વાત કરો.

## હું વધુ જાણકારી કેવી રીતે પ્રાપ્ત કરી શકું?

વધુ માહિતી માટે કૃપા કરી www.cancer.org ની મુલાકાત લો.

©2010, American Cancer Society, Inc. No.011348
India Project

American Cancer Society®
Global

cancer.org

CBCC
COMPREHENSIVE
BLOOD & CANCER CENTER
*Outsmarting Cancer*

Creation of this material was made possible
in part by a pioneering grant from CBCC-USA.